# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-06-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. કડી અને વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટેનું મતદાન આજે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન
2. અમદાવાદ વિમાન દુર્ઘટનાના 215 મૃતકોના DNA નમૂના મેચ થયા- 198 પાર્થિવદેહ સ્વજનોને સોંપાયા
3. રાજ્યની પોલીસે સો કલાકમાં 200થી વધુ બાંગ્લાદેશીઓ પકડ્યા
4. રાજ્યકક્ષાનો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મહેસાણા જિલ્લાના વડનગરમાં ઉજવાશે.
5. દક્ષિણ ગુજરાતમાં આજે મેઘમહેર, વલસાડના વાપીમાં સૌથી વધુ સાત ઇંચ વરસાદ

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# KADI VISAVADAR ELECTION

મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીનું મતદાન આજે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયું. કડી બેઠક પર સાંજના પાંચ સુધી 54.49 ટકા જ્યારે વિસાવદર બેઠક પર 54.61 ટકા મતદાન નોંધાયું છે. કડી બેઠક પર આઠ અને વિસાવદર બેઠક માટે 16 ઉમેદવારોનું ભાવિ આજે EVM સીલ થયું છે.

કડી બેઠક પર ભાજપના રાજેન્દ્ર ચાવડા, કોંગ્રેસ તરફથી રમેશ ચાવડા અને આમ આદમી પાર્ટી તરફથી જગદીશ ચાવડા ચૂંટણી લડી રહ્યા છે, જ્યારે વિસાવદર બેઠક પર ભાજપના કિરીટ પટેલ, કોંગ્રેસ તરફથી નીતીન રાણપરીયા અને આમઆદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયા સહિતના ઉમેદવારોનું ભાવિ EVMમાં કેદ થયું છે.

23 જૂને આ બંને બેઠકો પર મતગણતરી હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે વિસાવદર બેઠક પરથી ભૂપેન્દ્ર ભાયાણીનું રાજીનામું  અને કડી બેઠકના કરશન સોલંકીનું અવસાન થતાં આ બંને બેઠકો ખાલી પડી હતી.

. . . . . . . . . . .

# AMDAVAD DNA SAMPLE

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 215 મૃતકના DNA નમૂના મેચ થયા છે. જ્યારે 198 પાર્થિવ શરીર મૃતકોના સ્વજનોને સોંપવામાં આવ્યા છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોશીએ જણાવ્યું કે 11 લોકો બીજા મૃતદેહ મળે તેની રાહ જોઈ રહ્યા છે. અત્યાર સુધી જેના મૃતદેહ સ્વજનોને સોંપાયા છે તેમાં 142 ભારતીય, 32 બ્રિટિશ, 7 પોર્ટુગીઝ, એક કેનેડિયન અને 7 અન્ય સ્થાનિકોનો સમાવેશ થાય છે.

દરમિયાન, અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ.મલિકે જણાવ્યું કે વિમાન દુર્ઘટના બનતા જ પોલીસ ત્વરિત બચાવ કામગીરીમાં જોડાઈ અને 11 કલાક કરતાં ઓછા સમયમાં મૃતકોના DNA નમૂના લઈ ગાંધીનગર ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળામાં પહોંચાડ્યા હતા.

**(બાઇટ: જી.એસ.મલિક પોલીસ કમિશનર)**

. . . . . . . . . . .

# PLANE CRASH UPDATE - JAMNAGAR

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૂળ જામનગરના વતની શૈલેશભાઈ પરમાર અને નેહલબેન પરમારનું મૃત્યુ થયું હતું. બંનેના DNA સેમ્પલ મેચ થઈ ગયા બાદ પરિવારજનો દ્વારા આજે સવારે મૃતદેહોને જામનગર લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ વિરલ બાગ પાસે આવેલા તેમના નિવાસ્થાનેથી અંતિમયાત્રા નીકળી હતી. આ અંતિમયાત્રામાં સાંસદ પૂનમબેન માડમ સહિત શહેરના આગેવાનો તેમજ ગ્રામજનોએ જોડાઈને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

. . . . . . . . . . .

# GUJARAT BANGLADESHI

રાજ્યની પોલીસે એક મોટી કાર્યવાહીમાં 200થી વધુ બાંગ્લાદેશીઓ પકડ્યા છે. રાજ્યમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓને સામેની ઝુંબેશમાં છેલ્લા 100 કલાકમાં આ કાર્યવાહી કરી છે. જેમાં સુરતમાંથી 119 ગેરકાયદેસર બાંગ્લાદેશી અટકાયત કરવામાં આવી છે. આ અંગે JCP રાઘવેન્દ્ર વત્સે વધુ માહિતી આપી.

(બાઇટ: રાઘવેન્દ્ર વત્સ, JCP)

રાજ્યમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓને સામેની ઝુંબેશમાં પોલીસે છેલ્લા 100 કલાકમાં આ કાર્યવાહી કરી છે. આ તમામ બાંગ્લાદેશીઓના દેશનિકાલ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

. . . . . . . . . . .

# FOOD AND DRUGS – BANASKANTHA

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા બનાસકાંઠામાં ઘી બનાવતી એક ખાનગી ઉત્પાદક પેઢીમાંથી 674 કિલો શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કરાયો છે. જી.આઇ.ડી.સી, ચંડીસર ખાતે આવેલ આ ખાનગી પેઢીમાંથી બે અલગ અલગ ઘીના નમૂના લેબોરેટરી ખાતે તપાસ અર્થે મોકલાયા છે. નમુનો લીધા બાદ બાકીનો શંકાસ્પદ ગુણવત્તાનો 3 લાખ 50 હજારની કિંમતનો ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. સદર પેઢી જુદા જુદા રાજ્યોમાં આ ઘીનું વેચાણ કરતા હોવાનું જાણવા મળેલ છે.

. . . . . . . . . . .

# STATE LEVEL YOGA DAY

મહેસાણા જિલ્લાના વડનગરમાં રાજ્યકક્ષાનો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાશે. આ સામૂહિક યોગ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ જોડાશે. આ વર્ષે તાના-રીરી ગાર્ડન ખાતે ભુજંગાસનમાં નવો વિશ્વ રેકોર્ડ પ્રસ્થાપિત કરવાનું લક્ષ્ય ગુજરાતે રાખ્યુ છે.

"યોગ ફોર વન અર્થ-વન હેલ્થ"ની થીમ અને રાજ્યમાં "સ્વસ્થ ગુજરાત-મેદસ્વિતા મુક્ત ગુજરાત"ના ધ્યેય સાથે યોગ દિવસની રાજ્યવ્યાપી ઉજવણી થશે. જેમાં 17 મહાનગરપાલિકા-નગરપાલિકા, 18 હજાર 226 ગ્રામ પંચાયતો, 251 તાલુકા પંચાયતો, શાળા-કોલેજો, 6 હજાર 500 આરોગ્ય કેન્દ્રો, 33 જિલ્લાઓના પોલીસ મુખ્યાલય, ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં અને 100 જેટલા અમૃત સરોવરના સ્થળોએ સામૂહિક યોગ સાધના કાર્યક્રમો યોજાશે.

સંસ્કૃતિ મંત્રાલયે દેશભરમાં પ્રવાસન આધારિત 100 પ્રતિષ્ઠિત સ્થળો અને 50 વધુ સાંસ્કૃતિક સ્થળો પર યોગ સત્રોનું આયોજન કરીને 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરશે, જેમાં રાજ્યનાં રાણી કી વાવ અને ધોળાવીરાનો સમાવેશ થાય છે.

આ વર્ષે રાજ્યભરમાંથી અંદાજે ૧ કરોડ ૫૦ લાખથી વધુ નાગરિકોની સહભાગીતાથી યોગ દિવસ ઉજવાશે. અત્યાર સુધીમાં જુનાગઢ, પોરબંદર, સુરત, વડોદરા અને અમદાવાદ ઉપરાંત જિલ્લા-

તાલુકા કક્ષાએ અંદાજે ૧ હજારથી વધુ વ્યક્તિઓની ક્ષમતાના ૩૫થી વધુ કાર્યક્રમો કરવામાં આવ્યા છે.

. . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યના 92 તાલુકામાં આજે વરસાદ નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં આજે મેઘમહેર થતા વલસાડના વાપીમાં સૌથી વધુ 7 ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે પારડીમાં પાંચ ઈંચથી વધુ અને ધરમપુર તેમજ કપરાડામાં ચાર ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત ભરૂચના હાંસોટ, નવસારીના ખેરગામ, અને સુરતના ઓલપાડમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ છે. રાજ્યમાં ચાર દિવસમાં જ સિઝનનો 12 ટકાથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

જળાશયોની સ્થિતિની વાત કરવામાં આવે તો, રાજ્યના 15 જેટલા જળાશય હાઇ એલર્ટ પર છે જ્યારે 10 જેટલા એલર્ટ અને 9 જળાશય વોર્નિંગ પર છે. વરસાદને કારણે રાજ્યના કુલ 196 માર્ગ બંધ કરાયા છે. જેમાં વલસાડ જિલ્લાના નીચાણવાળા વિસ્તારોમાં 62 માર્ગ બંધ કરાયા છે. પરિસ્થિતમાં સુધારો આવતા જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શનમાં રોડ રિપેરિંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે

આ તરફ દાદરા નગર હવેલીના મધુબન ડેમમાંથી દમણગંગા નદીમાં એક લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. જ્યારે છોટાઉદેપુરના સુખી ડેમમાંથી 1 હજાર ક્યુસેક પાણી ભારજ નદીમાં છોડાતા નદીના કાંઠા વિસ્તારના લોકોને એલર્ટ કરાયા છે.

. . . . . . . . . . .

# RAIN-DAMAGE

રાજ્યમાં થઈ રહેલા ભારે વરસાદને પરિણામે અનેક જિલ્લાઓમાં નદીઓ બે કાંઠે વહી રહી છે જેને પરિણામે થયેલ નુકસાનના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. અમરેલીની ધાતરવાડી નદીમાં ડૂબી જવાથી 60 વર્ષીય વૃદ્ધનું મોત થયાના અહેવાલ છે.

વલસાડ જિલ્લાના વાઘલધરા અને જેસીયા ગામને જોડતા ખરેરા નદીનો પૂલ પાણીમાં ગરકાવ થયો હતો. આ દરમિયાન ગામનો એક સ્કૂલ વાન ચાલક આ આ પૂલ પરથી વાન લઈને પસાર થતાં નદીના પાણીના પ્રવાહમાં તણાઇ ગયા હતા. એનડીઆરએફ ની ટીમ દ્વારા વાહન ચાલકની શોધખોળ હાથ ધરાઈ હતી જો કે હજુ સુધી તેમની ભાળ મળેલ નથી.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ભારે વરસાદને પગલે વાહનો ફસાવાના તેમજ વૃક્ષો ધરાશાયી થયાના અહેવાલ છે.

તાપી જિલ્લામાં વ્યારા તાલુકાનો નીચાણવાળો પૂલ પાણીમાં ગરકાવ થતા આ સાથે જોડાયેલા પાંચથી વધુ ગામો સંપર્કવિહોણા થયા છે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

આવતીકાલે દક્ષિણ ગુજરાતનાં જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આવતીકાલે ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં

ભારે વરસાદની શક્યતા છે. આ અંગે હવામાન વિભાગના નિયામક ડૉ. એ.કે. દાસે જણાવ્યું કે 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઇ શકે છે.

(બાઇટ: ડૉ.એ.કે. દાસ, નિયામક)

. . . . . . . . . . .

# FISHARY BOAT SCANDLE-DWARKA

દ્વારકા એસ.ઓ.જી એ બનાવટી બોગસ બિલ બનાવી જૂની માછીમારી બોટો ના રજીસ્ટ્રેશન મામલે 3 કરોડોનું કોભાંડ ઝડપી પાડ્યું છે.

પકડી પડાયેલ ઓખાના બે આરોપીઓ અલગ અલગ માછીમારી બોટ માલીકો સાથે મળી જુની માછીમારી બોટ અથવા બીલવગર ખરીદાયેલ માછીમારી બોટના તથા એન્જીન ખરીદીના બનાવટી બીલો બનાવી, ખોટા સોગાંદનામાઓ ઉભા કરી ગેરકાયદે જૂની માછીમારી બોટના નવા કોલ, લાયસન્સ કાઢી આપી અંદાજે 3 કરોડોનુ કૌભાંડ આચરી રહ્યા હતા. સમગ્ર મામલે ઓખા મરીન પોલીસ દ્વારા 2 એજન્ટ તેમજ 9 માછીમારો મળીને કુલ 11 લોકોની અટકાયત કરવામાં આવી છે તેમજ 93 લોકો સામે ગુનો દાખલ કરાયો છે.

. . . . . . . . . . .

# SICKLE CELL ANIMIA DAY-PANCHMAHAAL

વિશ્વભરમાં આજે  સિકલ સેલ એનીમિયા દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. રાજ્યના  પંચમહાલ જિલ્લામાં 10 લાખથી વધુ લોકોની તપાસ કરાતા આ રોગના 66 હજાર વાહક અને 3 હજાર 821 દર્દીઓ મળી આવ્યા છે.

જિલ્લામાં મોરવા હડફ અને ઘોઘંબા તાલુકા વિસ્તારમાં આ રોગના દર્દીઓ વધુ જોવા મળ્યા છે. સિકલસેલ એનિમિયા રોગ અસાધ્ય અને વારસાગત હોવાથી તેને આગળ વધતો અટકાવવા માટે લગ્ન પહેલા અને પ્રસુતિ પહેલા સિકલસેલનો ટેસ્ટ કરાવી દેવો જરૂરી છે. આ વિષે વધુ માહિતી આપી રહ્યા છે જિલ્લા આરોગ્ય આધિકારી ડૉ.વિપુલ ગામીત......

**(બાઈટ:ડૉ.વિપુલ ગામીત, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, પંચમહાલ)**

. . . . . . . . . . .

# SURAT HOSPITAL SICKLE

સુરતની નવી સિવિલ હોસ્પિટલને કેન્દ્ર સરકાર દ્વારા સિકલ સેલ માટે "Centre of Competence" તરીકે પસંદ કરવામાં આવી છે. આ માટે ખાસ મોલિક્યુલર નિદાન પ્રયોગશાળા કાર્યરત રહેશે, જેના દ્વારા રોગનું નિદાન વહેલું અને ચોકસાઈભર્યું શક્ય બનશે. આ હોસ્પિટલ દક્ષિણ ગુજરાતની એકમાત્ર સંસ્થા છે, જે સિકલ સેલના દર્દીઓ માટે વિશિષ્ટ સારવારનું કેન્દ્ર બન્યું છે. વિશ્વ સિકલ સેલ દિવસ" નિમિત્તે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખાસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દર્દીઓને કીટનું વિતરણ કરવામાં

આવ્યું. આ ઉપરાંત દર્દીઓ અને તેમના પરિવારજનોને રોગ અટકાવવા અંગેની માહિતી આપવામાં આવી હતી.

. . . . . . . . . . .